જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂલક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૭૫૭૫૦ ૦૬૮૫૦

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । સોમવાર । તા. ૨૧-૦૧-૨૦૧૮ । વર્ષ : ૧૫ । અંક : ૨૨ । પાના : ૦૪ । છૂટક નકલ : 3 રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

વડાપ્રધાને મુંબઈમાં બુથ વર્કર્સની સાથેની વાતચીતમાં વિપક્ષ પર આકરા પ્રહાર કર્યો

વિપક્ષે અત્યારથી જ ઈવીએમ પર પ્રશ્ન ઉઠાવી હારનું બહાનું શોધી લીધું: મોદી

મહાગઠબંધન પર કટાક્ષ કરતાં મોદીએ કહ્યું કે આ તો ભાઈ-ભત્રીજાવાદ, ભ્રષ્ટાચાર, ગોટાળા, નકારાત્મકતા અને અસમાનતાનું ગઠબંધન છે આ એક અદભુત સંગમ છે,શરદ યાદવના નિવેદન પર બોલ્યા વડાપ્રધાન અંતે સત્ય મોઢા પર આવી જ જાય છે



ન્યુ દિલ્હી

૨૦૧૯ લોકસભા ચૂંટણી માટે એકશન મોડમાં આવી ચૂકેલા પીએમ નરેન્દ્ર મોદીએ રવિવારના રોજ વિપક્ષ પર જોરદાર પ્રહારો કર્યા છે. પીએમે કહ્યું કે વિપક્ષના લોકોએ ચૂંટણી પહેલાં જ હારના બ્હાના શોધી નાંખ્યા છે. આ લોકો અત્યારથી ઈવીએમ પર પ્રશ્ન ઉઠાવા લાગ્યા છે. ગઈકાલે કોલકત્તામાં મમતા બેનર્જીના મંચ પર ભેગા થયેલા વિપક્ષ પર નિશાન સાંધતા પીએમે કહ્યું કે તેમણે પણ ગઠબંધન કર્યું અને અમે પણ કર્યું છે. તેમણે પક્ષોની સાથે ગઠબંધન કર્યું છે અને અમે દેશની સવા સો કરોડ પ્રજા સાથે કર્યું છે. તમે જ લોકો કહો કયું ગઠબંધન સૌથી શ્રેષ્ઠ છે.

મુંબઈના કોલ્હાપુરના બુથ વર્કર્સની સાથે વાતચીતમાં પીએમે ઈવીએમને લઈ પ્રશ્ન ઉઠાવા પર વિપક્ષને ઘેરતા કહ્યું કે આ લોકો અત્યારથી જ હાર (૨૦૧૯ લોકસભા ચૂંટણી)ને લઈ બ્હાના શોધવા લાગ્યા છે. ઈવીએમને વિલન બતાવા લાગ્યા છે. એ સ્વાભાવિક છે કે દરેક રાજકીય પાર્ટી ચૂંટણી જીતવા માંગે છે, પરંતુ જયારે કેટલાંક પક્ષોને પ્રજાના આશીર્વાદ મળે છે તો પરેશાન થઈ જાય છે. આ લોકો પ્રજાને બેવકૂફ સમજે છે અને આથી જ રંગ બદલી રહ્યા છે.

આ દરમ્યાન મમતાની રેલી પર પ્રશ્ન ઉઠાવતા કહ્યું કે અહીં મેચ પર હાજર નેતાઓમાં મોટાભાગના લોકો મોટા નેતાના દીકરાઓ હતા. કેટલાંક લોકો એવા પણ હતા કે જે પોતાના દીકરા-દીકરીને સેટ કરવામાં લાગ્યા છે. તેમની પાસે ધનશક્તિ છે અને અમારી પાસે જનશક્તિ છે.

મહાગઠબંધન પર કટાક્ષ કરતાં મોદીએ કહ્યું કે આ ગઠબંધન એક અનોખું બંધન છે. આ બંધન તો નામદારોનું બંધન છે. આ બંધન તો ભાઈ-ભત્રીજાવાદ, ભ્રષ્ટાચાર, ગોટાળા, નકારાત્મકતા અને અસમાનતાનું ગઠબંધન છે આ એક અદભુત સંગમ છે.

મોદીએ લોકતાંત્રિક જનતા દળનાં પ્રમુખ શરદ યાદવનાં નિવેદનનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ગત રોજ જે મંચ પરથી વિપક્ષ દેશ અને લોકતંત્રને બચાવવાની વાતો કરી રહ્યો હતો, તે જ મંચ પરથી એક નેતાએ બોફોર્સ કૌભાંડની યાદ અપાવી દીધી હતી. છેલ્લે સત્ય તો મોઢે આવી જ જાય છે. પીએમ એ કહ્યું કે વિપક્ષના લોકોને કોઈપણ સંસ્થા પર વિશ્વાસ નથી, આથી આ સંવૈધાનિક સંસ્થાઓને બદનામ કરવાની કોશિષ કરતાં રહે છે. વિપક્ષની કોશિષોને નકારાત્મક ગણાવી મોદીએ કહ્યું કે જે મંચ પરથી આ લોકો લોકતંત્ર બચાવાની વાત કરી રહ્યાં હતા તેના પર એક નેતાએ બોફોર્સ ગોટાળાની યાદ અપાવી દીધી. આખરે સત્ય જીભ પર આવી જ જાય છે. આપને જણાવી દઈએ કે લોકતાંત્રિક જનતા દળના સંસ્થાપક અને વરિષ્ઠ સમાજવાદી નેતા શરદ યાદવે રાફેલ પર મોદી સરકારને ઘેરવાની જગ્યાએ પોતાના ભાષણમાં બોફોર્સ કૌભાંડ પર બોલવા લાગ્યા. બાદમાં તેમણે સ્પષ્ટતા કરતાં કહ્યું કે હું રાફેલની વાત કરી રહ્યો હતો. બીજી બાજુ સવર્ણ અનામતનો મુદ્દો ઉઠાવતા મોદી એ કહ્યું કે સંવિધાન સંશોધન દ્વારા ૧૦ ટકા અનામતથી અવસરોના નવા દ્વાર ખૂલશે.

MARKET 4U™

સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

7575006847
7575006848
7575006850

Whats-App Time 10 am to 5 pm

કોંગ્રેસ ચૂંટણી ઢંઢેરામાં રામ મંદિરનો સમાવેશ કરે

કોંગ્રેસ રામ મંદિર બનાવવાનુ વચન આપે તો સમર્થન પર વિચાર: વીએચપી

ન્યુ દિલ્હી

વિશ્વ હિંદુ પરિષદના કાર્યકારી અધ્યક્ષ આલોક કુમારે અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ સાથે જોડાયેલું નિવેદન કર્યું છે. તેઓએ કહ્યું કે કોંગ્રેસ જો લોકસભા ચૂંટણીના પોતાના ઢંઢેરામાં રામ મંદિરનો મુદ્દો સામેલ કરશે તો સમર્થન અંગે વિચાર થઈ શકે છે. વીએચપી તરફથી આ નિવેદન તેવા સમયે આવ્યું છે જયારે અયોધ્યામાં રામ મંદિરના નિર્માણનો મુદ્દો જાહેર સભાથી લઈને સુપ્રીમ કોર્ટ સુધી ચર્ચામાં છે. આલોક કુમારે કહ્યું કે, રામ મંદિર માટે જેઓએ ખુલીને વાયદો કર્યો છે, જો કોંગ્રેસ ચૂંટણી ઢંઢેરામાં મંદિર બનાવશે તેવો મુદ્દો સામેલ કરશે તો તેમને સમર્થન આપવા અંગે વિચારી શકાય છે. નવા વર્ષના પહેલાં અઠવાડીયામાં કોંગ્રેસ અધ્યક્ષે રામ મંદિર નિર્માણને લઈને મોટું નિવેદન આપ્યું હતું. તેઓએ કહ્યું હતું કે અયોધ્યા રામ મંદિરનો મુદ્દો હજુ કોર્ટમાં છે. સાથે જ તેઓએ કહ્યું હતું કે લોકસભા ચૂંટણીમાં નોકરી અને ખેડૂતો સાથે જોડાયેલાં મુદ્દાઓ જ મહત્વના હશે. વીએચપી દ્વારા કોંગ્રેસને સમર્થન આપવાની વાત ભાજપ માટે તગડા ઝટકા સમાન છે. આ ઉપરાંત રામ મંદિરને લઈને પણ વીએચપીનો વિશ્વાસ ભાજપ તરફથી ડગી રહ્યો છે. આલોક કુમારે કહ્યું કે, હવે અમને એવું લાગે છે કે સરકારની મજબૂરી શું છે તે તો અમે નથી જાણતા પરંતુ સંભવ છે કે આ સરકારના કાર્યકાળમાં કાયદો આવવાની શક્યતા નથી. અમે દેશની તમામ પરિસ્થિતિઓ સંતોની સામે રાખીશું અને પૂછીશું કે આગળ શું કરવું છે.

મોબાઈલના વપરાશથી સાવધાન

આપના મોબાઈલ ફોનમાંથી નીકળતા રેડીયેશનથી મગજ, કાન, આંખ, ગળા, હૃદય ને થતાં નુકસાનથી બચવાની એન્ટી રેડીએશન ચિપ આપના મોબાઈલ પર લગાડી આપ રોગ મુકત રહો તેમજ તેના બિઝનેસમાં એજન્ટ બની ઓછા રોકાણથી મહેનત મુજબ માસિક ૫૦૦૦ કે તેથિ વધુ કમાવા ફોન કરો. (કોઈપણ પ્રકારનું સેલ્સ-માર્કેટિંગ કરતા મિત્રો, મોબાઈલ રીપેરીગ કરનાર, પ્રિ-પેડ સિમકાર્ડ વેચનાર કે નાના દુકાનદારો મોબાઈલ એન્ટી રેડિએશન ચિપ વેચી વધુ કમાવા અચૂક ફોન કરે)

MARKET4U
BHARUCH - SURAT
market4u.in
7575006850
ZAVERI

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં જોડાઈ ઓળખપત્ર મેળવી સમાજસેવા કરવા આધાર પુરાવા સાથે જોડાવા રૂબરૂ મળો અથવા ફોન કરો

75750 06850

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટના સભ્યોએ જનસેવા અને જન સુખાકારી માટેના કાર્યો કરવાના રહેશે.

(૧) લોકજાગૃત્તિના કાર્યો જેમ કે ગરીબ કે મધ્યમ વર્ગને મળતું રાહત દરના અનાજની યોગ્ય વહેંચણી. બીપીએલ/એપીએલ કાર્ડની યોગ્ય ફાળવણી અને જરૂર જણાય સરકારમાં રજુઆતો કરવી.
(૨) રસ્તા અને શહેરની સફાઇનું અમલીકરણ, કચરાનો યોગ્ય સમયે યોગ્ય સ્થળે નિકાલ.
(૩) બાગ-બગીચાની સારસંભાળ.
(૪) શાળાઓ દ્વારા રાઇટ ટુ એજ્યુકેશનના અમલીકરણ, શાળામાં રમત-ગમતનું મેદાન હોવું જરૂરી. છોકરા-છોકરીની અલગ મૂતરડી હોવી ફરજીયાત. ફાયર-ફાઇટીંગના સાધનો ફરજીયાત હોવા જરૂરી. ડોનેશન પ્રથા નાબુદી. ગણવેશ, ચોપડા ખરીદી પર થતા વેપારને રોકવો. વિષયો પ્રમાણે ક્વોલિફાઇડ શિક્ષકો હોવા. વિગેરે બાબતોનું ધ્યાન રાખી રખાવી શિક્ષણ વ્યવસ્થા સુધારવી.
(૫) જનારોગ્ય વિશે જાગૃત્તિ દ્વારા સરકારી યોજનાઓની નાગરિકોને જામ કરવી. આવી સરકારી યોજનાઓનો લાભ ગરીબ મધ્યમ વર્ગને આપવામાં મદદરૂપ થવું જરૂર જણાય સરકારમાં રજુઆત કરવી. ઇન્દિરા આવાસ, સરદાર આવાસ જેવી યોજનાઓમાં યોગ્ય ફાળવણી કરાવવી.
(૬) રક્તદાન, આંખોનું દાન, અંગદાન વિશે જાગૃત્તિ લાવી પ્રેરણા પુરી પાડવી.
(૭) સમાજમાં ભાઇચારા અને વિશ્વબંધુત્વની લાગણીનો વિકાસ કરવો. સમાજ અને દેશ પ્રતિ નિષ્ઠા કેળવવી.
(૮) વાતાવરણ વૃક્ષની જાળવણી અને પર્યાવરણની જાણવણી કરવી-કરાવવી.
(૯) ચૂંટણી સમયે યોગ્ય પ્રતિનિધિની વરણી કરવી. યોગ્ય સરકારની રચનામાં મદદરૂપ બનવું.
(૧૦) નાગરિક ઘડતરના કામમાં તત્પર રહેવું. નાગરિકની આવક વધે તેવા સેવા કાર્યો કરવા. વિધવા સહાય જેવા સરકારી યોજનાઓનું યોગ્ય અમલીકરણ કરાવવું. આપત્તિ સમયે એક જુથ થઇ સમાજ અને દેશને મદદરૂપ થવું વિગેરે કાર્યો કરવા તેમજ કરાવવા.

: જોડાવવા માટેની જરૂરી વિગતો :

નામ, સરનામું, પિનકોડ, જન્મ તારીખ, સ્ત્રી-પુરૂષ, બેંકનું નામ, બેંક ખાતા નંબર, આઇ.એફ.એસ. કોડ, પાન કાર્ડ નંબર, મોબાઇલ નંબર, વારસદારનું નામ, વારસદાર સાથેનો સબંધ.

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. શરૂઆતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડાવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનથી બાકીના રૂપિયા કામ મુજબ ચચેલ આવકમાંથી ચુકવાઇ જશે, જે માટે સાથે દર્શાવેલ કોપટક પરથી આપ સમજી શકશો.

તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકત્રૂટ ઇનકમ મેળવી આપના કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
બાકીના ૧૬૫૦/- (ઓટો મોડથી કપાવી) આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો.
જેના માટે આપે શરૂઆતમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
બીજા ત્રણ વર્ષ માટે ૫૦૦૦/- (ઓટો મોડથી કપાવી) આપનો કોડ બીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો.
સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો
જેના માટે આપે શરૂઆતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે.
આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	80/-	1st	600/-
2nd	60/-	2nd	400/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
		6th	50/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશોક મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

કોંગ્રેસ ધારાસભ્યએ મા અંબાના આશિર્વાદ લઈ એકતા યાત્રાની શરુઆત કરી

'આ કોઈ રાજકીય યાત્રા નથી આ યાત્રા છે પ્રેમની, સામાજિક બદલાવ માટેની યાત્રાઃ અલ્પેશ ઠાકોર

ખેડૂતો, ગરીબોની વાત નહીં કરીએ તો તેઓ મતનો પાવર બતાવતા હોય છે,આ યાત્રા યુવાન, બેરોજગાર, ખેડૂતો, ગરીબો માટેની છે

અંબાજી

આગામી લોકસભાની ચુંટણીને ધ્યાને લઈ ઠાકોર સેનાના પ્રમુખ તેમજ રાધનપુર ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે આજથી એટલે ૨૦ જાન્યુઆરીથી અંબાજી ખાતે મા અંબાના ધામથી ગરીબ એકતા યાત્રાની શરૂઆત કરી છે. આ યાત્રા રાજ્યના નાનામાં નાના ગામોમાં ફરશે. દોઢ માસ સુધી ચાલનારી આ યાત્રામાં કિસાનો, બેરોજગારોને જાગૃત કરવામાં આવશે. વ્યસન મુક્તિ, શિક્ષણ અને બેરોજગારી મામલે જાગૃત્તિ લાવવા માટે અલ્પેશ ઠાકોર પણ રાજ્યભરમાં ફરશે.

અલ્પેશ પટેલે જણાવ્યું હતું કે આ કોઇ રાજકીય યાત્રા નથી આ યાત્રા છે પ્રેમની, સામાજિક બદલાવ માટેની યાત્રા. આ એક પ્રેમનાં સંદેશા માટેની યાત્રા છે. આ યાત્રામાં વ્યસન મુક્તિ, શિક્ષણ અને બેરોજગારી અંગે જાગૃત્તિ ફેલાવવામાં આવશે. આમાં કોઇ જ રાજકીય કામ નહીં થાય.આને ચૂંટણી સાથે ન મૂલવશો.

અલ્પેશ ઠાકોરે આગળ જણાવતાં કહ્યું કે, 'આ યાત્રા યુવાન, બેરોજગાર, ખેડૂતો, ગરીબો માટેની છે. અમે જે મુદ્દા લઈને ચાલી રહ્યાં છે તે વ્યસન મુક્તિ,શિક્ષણ અને બેરોજગારીમાં સતત નિરંતર કામ કરવું પડે છે તો જ જાગૃત્તિ ફેલાઇ છે. તો જ સમાજમાં કામ થાય છે. અમે સામાજિક બદલાવ કરવા માંગીએ છીએ.'

અલ્પેશે આ જાગૃત્તિ અભિયાન અંગે આગળ જણાવતાં કહ્યું કે, 'રાજકીય રીતે વાત કરીએ તો છેલ્લી ચૂંટણી ગઇ તેમાં બેરોજગાર, ગરીબો, મધ્યમવર્ગનાં અને ખેડૂતોએ મતનો પાવર બતાવી દીધો છે. અમે જે વાત કરી રહ્યાં છે તે આમની જ વાત કરી રહ્યાં છે. અમે તેમના માટે જ કામ કરી રહ્યાં છે. જો આ લોકોની વાત તેમના સન્માનની વાત નહીં આવે તો આ લોકો જ રાજનીતિ નક્કી કરતાં હોઇએ છીએ. જો આ લોકો રાજકીય તાકાત બતાવે જ છે. તો આ લોકોનાં અધિકારની વાત કરવી જ જોઇએ. મતદાનનાં પેટર્નની વાત કરીએ તો આ લોકોમાંથી જ ૮૦ ૯૦ ટકા મતદાન કરતાં હોય છે.

ભરૂચના કડોદરામાં દીપડાએ કર્યો ત્રણ શખ્સો પર હૂમલો

ભરુચ

ભરૂચ જિલ્લાના કડોદરા ગામે દીપડાએ ત્રણ શખ્સો પર અચાનક હુમલો કરી ઈજા પહોંચાડી હોવાનો બનાવ બન્યો હતો. જેમાં ત્રણેવ ઈજાગ્રસ્તોને સારવાર માટે ભરૂચની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ભરૂચના કડોદરા ગામેથી નર્મદા નદીનો પટ પસાર થાય છે.આ નર્મદા નદી પટમાં કામ અર્થે ગયેલા ત્રણ શખ્સો પર અચાનક દીપડાએ હુમલો કર્યો હતો. દિપડાએ કરેલ અચાન હૂમલામાં ઘાયલ ઈજાગ્રસ્તોને સારવાર માટે ભરૂચની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતાં. જો કે ત્રણ શખ્સો પર હુમલો કરી દીપડો પણ નદીના પટમાં ફસાઈ ગયો હતો. પટમાં ફસાયેલા દીપડાને ટેંગ્યુલાઈઝડ કરવા માટે વડોદરાથી ટીમ બોલાવાઈ છે.

ઝભ્ભાં પહેરી ફરતા ભાજપના આગેવાનો સૂટમાં જોવા મળ્યા

વાયબ્રન્ટ સમાપન સમારોહ ફલોપ શો સાબિત થયોઃ નેતા-કાર્યકરોને સૂટ પહેરાવી બેસાડ્યા

ગાંધીનગર

પીએમ નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં શરૂ થયેલી વાઈબ્રન્ટ ગુજરાત સમિટ સમાપન સમારોહમાં ભીડ એકઠી કરવા માટે દોડધામ મચી હતી. આજે બપોરે મહાત્મા મંદિરમાં ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુની હાજરીમાં યોજાયેલા સમાપન સમારોહમાં મૂડી રોકાણકારો, ઉદ્યોગપતિઓ અને મહેમાનોની પાંખી હાજરી હતી. સમારોહમાં લગભગ ૫૦ ટકા ખાલી રહેલી બેઠકો ભરવા માટે અમદાવાદ સહિત આજુબાજુના વિસ્તારમાં ભાજપના ૨૦૦થી વધુ કાર્યકરો અને અમદાવાદ ભાજપના કોર્પોરેટરોને બેસાડ્યા હતાં.

આ સમારોહમાં ભાજપના નેતાઓ અને કાર્યકરોને સૂટ પહેરી ઉદ્યોગપતિઓની માફક હાજર રહેવા માટે મૌખિક સૂચના આપવામાં આવી હતી. પરિણામે ખાદીના ઝભ્ભાં અને કોટી પહેરી ફરતા ભાજપના આગેવાનો વાઈબ્રન્ટ સમિટમાં સૂટ પહેરીને ફરતા હતા.

અમરેલીની શાળાના કિસ્સાએ ચકચાર મચાવી

બોલો...શિસ્ત શીખવાડવા શિક્ષકોએ બાળકોને કૂતરા સાથે એક રૂમમાં પુરી દીધા!!

અમરેલી

અમરેલીની શાળાનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ત્રણ શિક્ષકા અને આચાર્ય સામે ફરિયાદ કરવામાં આવી છે કે, દિવાળી વેકેશન પહેલા શિસ્તનાં પાઠ ભણાવવાંનાં નામે બાળકો પર અત્યાચાર કર્યો હતો. આ શિક્ષકોએ બાળકોને એક રૂમમાં બંધ કરી દીધા હતાં અને તેમની સાથે શિકારી કૂતરા પણ છોડ્યાં હતાં. આ ખબર સામે આવતાં ચકચાર મચી ગઇ છે.

આ મામલે મળતી માહિતી પ્રમાણે અમરેલીની વિદ્યાસભાની હોસ્ટેલમા રહી અભ્યાસ કરતા ધારી તાલુકાના દેવળા ગામના એક માસુમ છાત્રને અહીંના રેકટર આશિષ ઠુંમરે બે દિવસ સુધી રૂમમા પુરી દીધો હતો. આ ઉપરાંત તેણે માર પણ મારવામાં આવ્યો હતો. જે પછી તેની હાલત એટલી બગડી હતી કે તેને સારવાર માટે સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો.

આ ઘટના સામે આવ્યાં પછી રેક્ટર સામે ફરિયાદ કરવામાં આવી હતી. આ ઘટનાનાં થોડા જ દિવસો પછી અન્ય છાત્રોને કૂતરા સાથે રૂમમાં પુરી દઇને કૂતરૂં ભસાવી ડરાવતા હતાં. બાળકોઆને કારણે જોર જોરથી રડી અને બૂમો પાડતા હતાં. આ બધા અવાજ ૩ શિક્ષિકાઓએ પણ સાંભળ્યાં હતાં પરંતુ તેમને મદદ કરવાને બદલે તેઓ હસતા હતાં.

જે પછી બાળકોને આ શિક્ષકોએ ધમકી પણ આપી હતી તે જો આની જાણ કોઈને પણ કરશો તો તમને શાળામાંથી બહાર કાઢી મુકાશે. જોકે આ મામલે હાલ ફરિયાદ નોંધવામાં આવી છે અને તપાસ ચાલી રહી છે.

પોલીસને ચિઠ્ઠી મળી, ૧ લાખની લેતી-દેતીમાં આ પગલુ ભર્યુ હોવાનો ઉલ્લેખ

રૂપિયાની લેતી-દેતીમાં ખેડૂત દંપતીએ ઝેરી દવા પી આપઘાત કર્યો

છોટા ઉદેપુર

છોટા ઉદેપુરના પાધરવાન્ટ ગામે દંપતીએ ઝેરી દવા પી આપઘાત કર્યો છે. રૂપિયાની લેતી-દેતી બાબતે યોગેશ રાઠવા અને કૂચબી રાઠવાએ ખેતરમાં છાંટવાની દવા પીને પાતાના ઘરના આંગણામાં જ આપઘાત કર્યો છે. બનાવની જાણ થતાં છોટા ઉદેપુર પોલીસે ઘટના સ્થળે પહોંચી મૃતદેહનો કબજો સંભાળી વધુ તપાસ હાથધરી છે.

મહત્વનું છે કે ઘટના સ્થળેથી પોલીસને એક ચિઠ્ઠી પણ મળી આવી છે. જેમાં ૧ લાખ રૂપિયાની લેતી-દેતી મામલે આ પગલું ભર્યુ હોવાનો દંપતીએ ઉલ્લેખ કર્યો છે.

છોટાઉદેપુરના પાધરવાન્ટ ગામના દંપતીએ આત્મહત્યા કરતા ચકચાર મચી છે. દંપતીએ ખેતરમાં છાંટવાની દવા પીને આત્મહત્યા કરી છે. ઘરના આંગણામાં રાત્રિના સમયે આત્મહત્યા કરવામાં આવી છે.

આત્મહત્યા કર્યાના સ્થળ પાસેની એક દિવાલ પરથી એક ચીઠ્ઠી મળી આવી છે. જેમાં એક લાખ રૂપિયાની લેતી-દેતી અને ઈજ્જત લીધેલાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ચિઠ્ઠીનું લખાણ ઉકલી ન શકતા આત્મહત્યાનું કારણ જાણી શકાયું નથી.આત્મહત્યા કરનાર દંપતિનું નામ યોગેશ વજીરા રાઠવા અને કૂચબી યોગેશ રાઠવા છે. છોટા ઉદેપુર પોલીસ ઘટનાસ્થળે પહોંચી લાશનો કબજો મેળવી કાર્યવાહી શરૂ કરી છે.

લોકસભાની ચૂંટણીઓ ભેગી ઝારખંડ, હરિયાણા, મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી થશે?

ન્યુ દિલ્હી

લોકસભાની ચૂંટણીની સાથેસાથે ઝારખંડ, હરિયાણા અને મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી પણ યોજાય તો ભાજપને લાભ થાય કે ગેરલાભ એ મામલે પક્ષના આંતરિક સ્તરે વિચારવિમર્શ કરવામાં આવી રહ્યો છે. જો લોકસભાની ચૂંટણીની સાથેસાથે જ આ ત્રણ રાજયમાં વિધાનસભાની ચૂંટણી યોજવાથી મોદીની સાખને કારણે ત્રણે રાજયમાં ભાજપને ફરીથી જીતવાની અને સરકાર બનાવવાની આશા જાગશે તો જે રીતે તેલંગણામાં ટીઆરએસએ કર્યું એ જ રીતે ભાજપ પણ આ ત્રણ રાજ્યમાં સમય કરતા પહેલા વિધાનસભાની ચૂંટણી (લોકસભાની ચૂંટણીની સાથેસાથે) યોજવાનો ચૂંટણી પંચને આગ્રહ રાખશે. આ મામલે ભાજપના સાંસદ લાલસિંહ બડોદિયાનું કહેવું છે કે ઉપરોક્ત ત્રણે રાજયમાં વિધાનસભાની ચૂંટણી તેના નિર્ધારિત સમય કરતા પાંચથી સાત મહિના વહેલી કરાવવાથી ભાજપને ફાયદો થવાની શકયતા છે કેમ કે લોકસભાની ચૂંટણીમાં જનતા મોદીના નામ પર મત આપશે અને આ ત્રણે રાજયમાં ચૂંટણીપ્રચાર દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી કેન્દ્ર સરકારે કરેલા કામો અને એ માટે તેમણે કરેલી મહેનત લોકોને ગણાવશે. આ કારણે રાજ્યની સત્તાધારી સરકાર અને નેતાઓથી નારાજ જનતા એ ભૂલીને નરેન્દ્ર મોદીનું મોઢું જોઈને ભાજપને મત આપશે. આ રીતે લોકસભાની ચૂંટણીની સાથેસાથે ત્રણ રાજ્યમાં પણ ભાજપનો વિજય થઈ જશે. ઉપરોક્ત ત્રણે રાજયમાં જો વિધાનસભાની ચૂંટણી પાંચ વર્ષ પૂરા થયા બાદ ઓક્ટોબર કે ડિસેમ્બરમાં યોજવામાં આવશે તો ભાજપને નુકસાન થઈ શકે છે અને ત્રણમાંથી એકાદ-બે રાજય હાથમાંથી જઈ શકે છે. આ કારણે જ આ ત્રણે રાજયમાં વિધાનસભાની ચૂંટણી પણ લોકસભાની સાથેસાથે જ યોજવા દબાણ લાવવામાં આવશે, પરતું આ અંગેનો નિર્ણય તો પક્ષના મોવડીએ જ લેવાનો છે. ઝારખંડસ્થિત ભાજપના એક નેતાનું આ મામલે કહેવું છે કે રાજ્યોમાં વિપક્ષી દળ એકજૂટ થઈ રહ્યા છે અને એવામાં જો વિધાનસભાની ચૂંટણી લોકસભાની ચૂંટણી સાથે નહીં થાય તો પક્ષ ચૂંટણી હારી શકે છે, પરંતુ લોકસભા અને વિધાનસભાની ચૂંટણી સાથે થશે તો પક્ષની જીતવાની સંભાવના છે. ભાજપના એક વરિષ્ઠ નેતાનું કહેવું છે કે સૌથી મોટું જોખમ એ છે કે લોકસભાની ચૂંટણીની સાથે જ જો ઝારખંડ વિધાનસભાની ચૂંટણી પણ યોજાઈ તો રાજયમાં શાસનવિરોધી જુવાળને કારણે લોકસભાના મતોનું પણ નુકસાન થઈ શકે છે. આ જ સ્થિતિ હરિયાણા અને મહારાષ્ટ્રમાં પણ છે. આ કારણે જ પક્ષમાં આ મામલે વિચારવિમર્શ ચાલી રહ્યો છે. આ સંબંધિત આંતરિક સર્વેના આધારે ફેબ્રુઆરીના બીજા અઠવાડિયામાં ચર્ચાવિચારણા કરવામાં આવશે અને ત્યાર બાદ નિર્ણય લેવામાં આવશે કે ઉપરોક્ત ત્રણ રાજયમાં સમય કરતા પહેલા વિધાનસભાની ચૂંટણી યોજવી કે નહીં.

ગુજરાત ટેક્સટાઈલ સેક્ટર ન્યૂ ઈન્ડિયાના નિર્માણમાં મહત્ત્વની ભૂમિકા ભજવશે

ગુજરાતમાં ટેક્સટાઈલ ક્ષેત્રે ૩૦,૦૦૦ કરોડનું રોકાણ આવ્યું છેઃ સ્મૃતિ ઈરાની

કેન્દ્રએ ગુજરાતમાં છેલ્લા સાડા ચાર વર્ષમાં ટેક્નોલોજી અપગ્રેડેશન ફંડ યોજના અન્વયે ૧૮૦૦ કરોડ ફાળવ્યા હતા જેના પગલે સમગ્ર ટેક્સટાઈલ ક્ષેત્રમાં સાડા ત્રણ વર્ષમાં ૩૦,૦૦૦ કરોડનું મૂડીરોકાણ આવ્યું છે તેમ કેન્દ્રીય ટેક્સટાઈલ મંત્રી સ્મૃતિ ઈરાનીએ આજે ટેક્સટાઈલ અંગેના સેમિનારમાં જણાવ્યું છે. વાયબ્રન્ટ સમિટના ભાગરૂપે ટેક્સટાઈલ સેમિનારમાં કેન્દ્રીય મંત્રીએ વધુમાં કહ્યું હતું કે ગુજરાતનું ટેક્સટાઈલ સેક્ટર ન્યૂ ઈન્ડિયાના નિર્માણમાં આગામી દિવસોમાં મહત્ત્વની ભૂમિકા ભજવશે. કેન્દ્ર સરકાર ગુજરાત સહિત દેશભરમાં ટેક્સટાઈલના વિકાસ અને નિકાસને વધુ વેગ આપવા માટે કટીબદ્ધ છે, એટલું જ નહીં અનેક પગલાં પણ લેવામાં આવી રહ્યા છે.

સેમિનાર દરમિયાન સ્મૃતિ ઈરાનીએ ગુજરાતની નવી ટેક્સટાઈલ પોલિસી કે જેમાં ધિરાણમાં રાહતો આપવા અંગે નવા સુધારા કરવામાં આવ્યા છે તે બુકલેટનું પણ વિમોચન કર્યું છે. તેમણે કહ્યું કે ગુજરાતની નવી ટેક્સટાઈલ નીતિથી રાજ્યમાં આ સેક્ટર વિકાસ કરશે, એ સાથે રોજગારીની નવી તકો ઉભી થશે. બીજી તરફ ટેક્સટાઈલ ઉદ્યોગકારોને સરળતાથી ધિરાણ મળશે. એસોચેમના ચેરમેન બી.કે.ગોયેન્કાએ સેમિનારમાં કહ્યું હતું કે છેલ્લા સાત વર્ષમાં ગુજરાતના ટેક્સટાઈલ સેક્ટરમાં ૩૫૦૦૦ કરોડથી વધુ મૂડીરોકાણ આવ્યું છે, જે દેશના અન્ય રાજ્યો કરતાં ગુજરાતમાં સૌથી વધારે છે. વધુ રોકાણ આવવાનું કારણ એ પણ છે કે રાજ્યમાં ઔદ્યોગિક શાંતિ અને કામદારોની સલામતી છે.

બિમલ શાહ કપડવંજ વિધાનસભાની બેઠકના પૂર્વ ધારાસભ્ય છે

ભાજપના પૂર્વ ધારાસભ્ય બિમલ શાહ આજે કોંગ્રેસમાં જોડાય તેવી સંભાવના

અમદાવાદ

ભારતભરમાં લોકસભાની ચૂંટણીને લઈને તાડામાર તૈયારીઓ ચાલી રહી છે. ગઈકાલે ભાજપ અન કોંગ્રેસ સામે મહાગઠબંધનનું શક્તિપ્રદર્શન પણ થયું હતું. જેથી હવે મોદી સરકાર પણ ચિંતામાં મુકાય છે. ત્યારે વાઈબ્રન્ટમાં વ્યસ્ત ભાજપને કોંગ્રેસે ઝટકો આપી દીધો છે.

લોકસભાની ચૂંટણી પહેલા ઘણા સમીકરણો બદલાઈ શકે છે. ભાજપના પૂર્વ ધારાસભ્ય બિમલ શાહ કોંગ્રેસમાં જોડાશે. આવતીકાલે બપોરે ૩.૩૦ વાગ્યે કોંગ્રેસનો ખેસ ધારણ કરશે. બિમલ શાહ કોંગ્રેસ પ્રભારી રાજીવ સાતવ અને પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાની હાજરીમાં કોંગ્રેસનો હાથ પકડશે. મહત્વનું છે કે બિમલ શાહ કપડવંજ વિધાનસભાની બેઠકના પૂર્વ ધારાસભ્ય છે. તેઓ છેલ્લા ઘણા સમયથી ભાજપથી નારાજ છે. ત્યારે હવે તેમણે ભગવો છોડીને કોંગ્રેસનો હાથ પકડ્યો છે.

મહત્વનું છે કે લોકસભાની ચૂંટણી આડે હવે ગણતરીના મહિનાઓ બાકી છે ત્યારે ભાજપમાંથી કોંગ્રસમાં એક મોટો ઉલટફેર થયો છે. બિમલ શાહ છેલ્લા કેટલાય સમયથી ભાજપથી નિરાશ ચાલી રહ્યા હતા. તે જોતા લોકસભાની ચૂંટણી આડે હવે થોડા મહિનાનો સમય બાકી હતો ત્યારે તેમણે પક્ષપલટો કરી ભાજપને ઝટકો આપ્યો છે.

તો બીજી તરફ કોંગ્રેસ લોકસભાની ચૂંટણી જીતવા માટે એડિચોટીનું જોર લગાવી રહી છે. આ પહેલા જ કોંગ્રેસ જીતનો દાવો કરતા ૧૩ બેઠકો પર જીતનો ઝંડો લહેરાવવાનો કોન્ફિડન્સ બતાવ્યો હતો. ત્યારે તેમણે બિમલ શાહને પોતાની પાસે બોલાવી ભાજપના ગઢમાં ગાબડુ પાડ્યું છે. જો કે બિમલ શાહનો કોઈ એવો મોટો રાજકિય ઈતિહાસ નથી રહ્યો. જેનાથી કોંગ્રેસની વોટબેંકમાં ફર્ક પડે.

સરકાર કુંભ મેળા પાછળ પાંચ હજાર કરોડ વેડફી રહી છેઃ ઓમપ્રકાશ રાજભર

લખનઉ

સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ ઓમ પ્રકાશ રાજભર હંમેશા પોતાની જ સરકાર વિરુદ્ધ નિવેદન કરીને ચર્ચામાં રહે છે. ઓમ પ્રકાશ રાજભરે બારાબંકીમાં આયોજીત કાર્યકર્તા સમ્મેલન દરમિયાન જણાવ્યું હતું કે, સરકાર કુંભ મેળા પાછળ પાંચ હજાર કરોડ રૂપિયાનો વેડફાટ કરી રહી છે

રાજભરે જણાવ્યું હતું કે, સરકાર વિકાસની જગ્યાએ મંદિર અને કુંભની તરફ જનતાનું ધ્યાન ભટકાવી રહી છે. ત્યાંજ તેમણે સરકારને અલ્ટિમેટમ આપીને જણાવ્યું હતું કે, જો સામાજીક ન્યાય સમિતિનો રિપોર્ટ લાગુ કરીને પછાત વર્ગને અનામત આપવાની ઘોષણા નહી કરે, તો તેઓ ભાજપથી અલગ થઈને ૨૫ ફેબ્રુઆરીએ તમામ ૮૦ બેઠકો પર પોતાના ઉમેદવાર ઉતારવાની ઘોષણા કરશે.

રાજભરે જણાવ્યું હતું કે, યોગીજી પાસે ગરીબો માટે ખર્ચ કરવાના નાણાં નથી પરંતુ મંદિર અને કુંભની પાછળ તેઓ ખજાનો લૂંટાવી રહ્યા છે. ૨૦૦૦ કરોડ રૂપિયા ગરીબો પાછળ ખર્ચ્યા હોત તો બધાનું ભલું થઈ જાત. રાજભરે જણાવ્યું હતું કે, યોગીજી ગોરખપુર પીઠના મહંત છે જ્યાં દરરોજ ભક્તો ૧૦ લાખ રૂપિયા ચઢાવે છે, આટલાથી પણ તેમનું પેટ ના ભરાતા તેઓ દિલ્હીમાં લોકસભા સભ્ય બનવા ચાલ્યા ગયા હતા. ત્યાં પણ કંઇ ન થતા તેઓ લખનઉના મંદિરમાં આવી ગયા અને સીએમ બનીને બેસી ગયા છે. જ્યારે પણ આપણે તેમની સાથે વિકાસની વાત કરીએ છીએ તો તેઓ જણાવે છે કે મંદિર બની જશે તો વિકાસ થશે, મંદિરથી કોઈનો વિકાસ થયો છે?

બૌદ્ધ ધર્મ અંગીકાર કરવામાં ૨૫ માંથી ૨૨ જેટલા લોકો સરકારી કર્મચારીઓ

જુનાગઢમાં ૨૫ દલિત ભાઈ-બહેનોએ હિંદુ ધર્મ છોડી બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો

જૂનાગઢ

જુનાગઢમાં ૨૫ દલિત ભાઈ-બહેનોએ હિંદુ ધર્મ છોડીને બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો છે. શહેરની અદિતિ નગરમાં રહેતા દલિત પરિવારોમાંથી ૨૫ જેટલા લોકોએ ભન્તેજી દ્વારા દીક્ષા આપવામાં આવી હતી. નોંધનીય છે કે કલેક્ટરની મંજૂરી લીધા બાદ બૌદ્ધ ધર્મ અંગિકાર કરી રહ્યાં છે. બૌદ્ધ ધર્મ અંગીકાર કરતા ૨૫ માંથી ૨૨ જેટલા લોકો સરકારી કર્મચારીઓ છે. આ અંગે બૌદ્ધ ધર્મ અંગીકાર કરનાર, શિક્ષક, જયદીપ રાવલીયા જણાવ્યું હતું કે, 'અમે કોઈના દબાવથી નહિં પરંતુ શ્રેષ્ઠ સમાજનાં નિર્માણ માટે બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો છે. બાબા સાહેબનાં વિચારોથી પ્રેરાઈને અમે આજે બોદ્ધ ધર્મ અંગીકાર કર્યો છે. આ કાર્યમાં અમારો પરિવાર પણ સામેલ છે. અમે આજે હિંદુ ધર્મ છોડ્યો નથી અમે અમારા મૂળ ધર્મમાં પ્રવેશ કર્યો છે. તેથી આજે અમારો નવો જન્મ થયો છે.' પોરબંદરનાં ભંતે પ્રજ્ઞા રત્નએ ૨૫ જેટલા દલિત ભાઈઓ તેમજ બહેનોને બોદ્ધ ધર્મની દીક્ષા આપી હતી. તેમણે બૌદ્ધ ધર્મ અપનાવવા બદલ તમામને શુભકામના પાઠવી હતી. તેમણે કહ્યું કે જેમણે બાબા સાહેબને વાંચ્યા છે અને સમજ્યા છે તે લોકોએ બૌદ્ધ ધર્મ અંગીકાર કરે છે.

હવે ગુજરાતના ખેડૂતો વિદેશની ધરતી પર ખેતી કરી શકશે....!!!

ગાંધીનગર

દેશના ખેડૂતોની સ્થિતિ કેવી દયનીય છે તેનાથી તો સૌ કોઈ અવગત છે. દરરોજ સમાચાર પત્રોમાં આવતું રહે છે કે ખેડૂતો આત્મહત્યા કરી રહ્યા છે તો ક્યાંક ખેડૂતો દેવામાફી માટે આંદોલનો કરી રહી રહ્યા છે. ત્યાં જ હવે ગુજરાતના ખેડૂતો માટે એક સારા સમાચારા વાઈબ્રન્ટ ગુજરાતના ૯માં સમિટથી આવી રહ્યા છે. ગુજરાતના ખેડૂતો હવે વિદેશની ધરતી પર પણ ખેતી કરશે. જી હાં, ગુજરાતના ખેડૂતો વિદેશી ધરતી પર ખેતી કરશે આ અંતર્ગત વાઈબ્રન્ટ ગુજરાતમાં એમઓયુ પણ સાઇન કરવામાં આવ્યા છે. ગુજરાતના ખેડૂતો વિદેશી ધરતી પર ખેતી કરશે આ અંતર્ગત વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૧૯ સમિટમાં એમઓયૂ પણ સાઈન કરવામાં આવ્યા છે. રાજ્યના ખેડૂતો ખેતી કરવા માટે વિદેશ જશે. આ માટે ગુજરાત સરકારે ઉઝબેકિસ્તાન સાથે એમઓયુ કર્યા છે. ઉઝબેકિસ્તાન રાજ્યના ખેડૂતોને ૨૦ હજાર હેક્ટર જમીન આપશે, જેના પર રાજ્યના ખેડૂતો ખેતી કરશે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યના ખેડૂતો અત્યાર સુધી ખેતી માટે ઈઝરાયલ ટેક્નોલોજીનો ઉપીયોગ કરતા હતા. ગ્રીન હાઉસ, ટપક સિંચાઇ, ફુવારા પદ્ધતિથી ખેતી વગેરે ઈઝરાયલની દેન છે. આમ ગુજરાતના ખેડૂતો અત્યાર સુધી ઈઝરાયલની ટેકનીકનો ઉપીયોગ કરતા પરંતુ હવે તો ઉઝબેકિસ્તાનમાં જઈ ખેતી કરી ગુજરાતના ખેડૂતો એગ્રીકલ્ચર ક્ષેત્રએ એક નવો અધ્યાય લખશે.

અમદાવાદ સહિત રાજ્યભરના આરોગ્ય કર્મચારીઓ પડતર પ્રશ્નોનો ઉકેલ ન આવતા આંદોલનનાં માર્ગે

● આરોગ્ય કર્મચારીઓ ૨૧મીથી કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શનની શરૂઆત કરશે

● રવિવારે અમદાવાદ જીલ્લાના આરોગ્ય કર્મચારીઓની મીટીંગ યોજાઈ, જેમા આગામી રણનીતિ નક્કી કરવામાં આવી

● ૬ ફેબ્રુઆરીએ માસ સીએલ અને ૧૫ ફેબ્રુઆરીએ અચોકકસ મુદતની હડતાલ પર ઉતરવાનું એલાન કરવામાં આવ્યું

અમદાવાદ જીલ્લા સહિત રાજયભરના આરોગ્ય કર્મચારીઓ ૨૧મીથી પાંચ દિવસ કાળી પટ્ટી પહેરી ફરજ બજાવશે, ૨૮મીએ ફરજ પર હાજર રહેશે પરંતુ રીપોર્ટીંગ નહી કરે, ૬ ફેબ્રુઆરીએ માસ સીએલ અને ૧૫ ફેબ્રુઆરીથી અચોકકસ મુદતની હડતાલ પર ઉતરશે તેવી ગુજરાત રાજય આરોગ્ય કર્મચારી મહાસંઘ ચીમકી આપી છે. જે સંદર્ભે અમદાવાદ જીલ્લા સહિત રાજયભરના આરોગ્ય કર્મચારીઓ વિવિધ પડતર પ્રશ્નોનો ઉકેલ લાવવાની માંગ સાથે આગામી તા.૨૧થી વિરોધદર્શક કાર્યક્રમો આપવાના છે. જેમાં આરોગ્ય કર્મીઓ ૨૧મીથી પાંચ દિવસ કાળી પટ્ટી પહેરી ફરજ બજાવશે ૨૮મીએ ફરજ પર હાજર રહેશે. પરંતુ રીપોર્ટીંગ કરશે નહીં. ૬ ફેબ્રુઆરીએ માસ સીએલ અને ૧૫ ફેબ્રુઆરીએ અચોકકસ મુદતની હડતાલ પર ઉતરવાનું એલાન કરવામાં આવ્યું છે. ગુજરાત રાજય આરોગ્ય કર્મચારી મહાસંઘ દ્વારા રાજયભરનાં વિવિધ સંવર્ગના તમામ આરોગ્ય કર્મચારીઓના



હિતાર્થે પડતર પ્રશ્નો અંગે મુખ્યમંત્રી, આરોગ્ય મંત્રી અને પંચાયત મંત્રીને આવેદન પાઠવીને રજુઆત કરવામાં આવી હતી. આ રજુઆત સંદર્ભે રાજય સરકાર દ્વારા કોઇ કાર્યવાહી કરવામાં આવી ન હોવાથી આરોગ્ય કર્મચારી મહાસંઘ દ્વારા તાકીદે કારોબારી સભા બોલાવવામાં આવી હતી. આ કારોબારી સભામાં પડતર પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે લડતો માર્ગ અપનાવવાનું આયોજન ઘડી કાઢવામાં આવ્યું હતું. આ બેઠકમાં આંદોલનના કાર્યક્રમનું આયોજન કરીને રાજયભરના વિવિધ સંવર્ગનાં તમામ આરોગ્ય કર્મચારી ભાઇઓ- બહેનોને આ આંદોલનમાં જોડાવાની સુચના આપવામાં આવી છે ત્યારે અમદાવાદ જીલ્લા પંચાયત આરોગ્ય કર્મચારી મહાસંઘ દ્વારા કલેકટર, જીલ્લા વિકાસ અધિકારી અને મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી સહીતના અધિકારીઓને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. રવિવારે અમદાવાદ જીલ્લાના આરોગ્ય કર્મચારીઓની મીટીંગ યોજાઇ હતી અને આગામી રણનીતિ નક્કી કરવામાં આવી હતી.

અમદાવાદ જીલ્લા પંચાયત આરોગ્ય કર્મચારી મહાસંઘ દ્વારા આપવામાં આવેલા આવેદનપત્રમાં જણાવ્યા પ્રમાણે, ગુજરાત રાજય આરોગ્ય કર્મચારી મહાસંઘનાં આદેશને પગલે અમદાવાદ જીલ્લાના મપહેવ, ફિહેવ, મપહેસુ, ફિહેસુ, એલટી, ફાર્માસીસ્ટ સહીતના આરોગ્ય કર્મચારીઓ આગામી તા.૨૧ થી ૨૫ સુધી કાળી પટ્ટી પહેરીને ફરજ બજાવશે. તા. ૨૮ના રોજ આરોગ્ય કર્મચારીઓ પોતાની ફરજ બજાવશે પરંતુ તાલુકા, જીલ્લા અને રાજયકક્ષાએ રીપોર્ટીંગ કરશે નહીં. તા.૬ ફેબ્રુઆરીના રોજ માસ સીએલ મુકી જીલ્લા મથકે રામધુન, સફાઇ કામગીરી અને દેખાવ કાર્યક્રમો આપશે. બાદમાં તા.૧૫ ફેબ્રુઆરીથી આરોગ્ય કર્મચારીઓ અચોકકસ મુદતની હડતાલ પર ઉતરી જશે.

૨૪ વર્ષથી પ્રોહીબીશબના ગુનામાં નાસતો ફરતો આરોપીને રાજસ્થાનથી પકડી પાડયો

ભુજ કચ્છ

હાલમાં રાજયા લેવલે નાસતા ફરતા આરોપીઓને પકડવાની કાર્યવાહી ચાલુમાં હોય પોલીસ મહાનિરીક્ષક સરહદી રેન્જ ભુજ તરફથી ચાર જીલ્લાના ગુનાના રાજય બહારનાં નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે કુલે ૨૦ ટીમોની રચના કરવામાં આવેલ જે અન્વયે અત્રેના પૂર્વ કચ્છ ગાંધીધામ જીલ્લાની પાંચ ટીમો બનાવવામા આવેલ અને પોલીસ અધિક્ષક પુર્વ કચ્છ ગાંધીધામ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અત્રેના જીલ્લાથી રાજસ્થાન ગયેલ ટીમ દ્વારા પાંથાવાડા (બનાસકાંઠા) પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.ન.-૫/૧૯૯૪ પ્રોહી કલમ ૬૬બી, ૬૫એ, ૧૧૬બી મુજબના ગુનાઓમાં ૨૪ વર્ષથી નાસતો ફરતો આરોપી રૂપલાલ વગતાજી રાવત (રહે.ઉદયપુર, રાજસ્થાન)વાળાને તા.૧૮/૦૧/૨૦૧૯ ના રોજ પકડી પાડવામાં આવેલ છે અને આગળની કાર્યવાહી માટે પાંથાવાડા પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવેલ છે.

આ કામગીરીમાં પો.હેડ કોન્સ. નરેશભાઈ પરમાર, ભાવેશભાઈ ડાભી, ઈકબાલખાન રસુલખાન, મંગેશભાઈ પ્રજાપતિ તથા કંડલા મરીન પો.સ્ટે.ના વિગેરે જોડાયા હતાં.

ચોરીના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડતી અંકલેશ્વર રૂરલ પોલીસ

રાજેન્દ્રસિંહ ચુડાસમા પોલીસ અધિક્ષક ભરૂચ તથા લખધીરસિંહ ઝાલા, નાયબ પોલીસ અધિક્ષક અંકલેશ્વર ડીવી તથા પો.ઈન્સ. ડી.એચ.રબારી નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અંકલેશ્વર રૂરલ પો.સ્ટે.ના પો.સ.ઈ. વાય.જી.ગીરનાર નાઓને મળેલ બાતમી આધારે અંકલેશ્વર રૂરલ પો.સ્ટે ૧-ગુ.ર,નં.૦૮/૨૦૧૯ ઈ.પી.કો કલમ ૪૪૭,૩૮૦ મુજબના કામે આરોપી તથા ચોર મુદ્દામાલ શોધી કાઢેલ છે. પકડાયેલ આરોપીઃ- વીરૂસિંગ ઉર્ફે ભેરૂ લક્ષ્મણસિંગ જાતે રાજપુત ઉ.વ ૨૩ રહે,મકાન નંબર-૦૩ એમ.પી નગર કાપોદ્રાગામ તાઅંકલેશ્વર. જી ભરૂચ.મુળ રહે.વેમાલી કરડા તા.માંડલ જી.ભીલવાડા (રાજસ્થાન)

કબજે કરેલ મુદ્દામાલઃ- (૧) જ.જ.ના વાલ્વ નંગ-૩ (૨) જ.જ.ના વાલ્વ ગ્લાસ સાથે નંગ-૧ (૩) એલ્બો નંગ-૧૦ (૪)૦.૫૦ પાઈપ નંગ-૮ (૫) ડ.પની ૦.૫૦ એલ્બો નંગ-૮ (૬) "ટી× નંગ-૪ (૭) ૨.૦૦ એલ્બો નંગ-૨૫ (૮) ૦૧.૦૦ એલ્બો નંગ-૦૩ (૯) ૦૨.૦૦-૦૧.૫૦ એલ્બો નંગ-૦૪ (૧૦) ૦૨.૦૦-૦૧.૦૦ના એલ્બો નંગ-૦૫ (૧૧) ૦૧.૫૦-૦૧,૦૦ એલ્બો નંગ-૦૭ (૧૨) ૦.૫૦ એલ્બો નંગ-૧૩ (૧૩)૦૨.૦૦ ફેલ્ચ નંગ-૧૩(૧૪)૦૨.૦૦ પાઈપ નંગ-૦૧ જે તમામ ચીજવસ્તુ મળી કુલ કિ.રૂ.૧,૧૯,૬૭૦/-નો તપાસ અર્થે કબજે કરેલ છે.

સુરતમાં નવી પાર્કિંગ પોલિસી લાગુ: આડેધડ વાહન પાર્ક કરનારાઓને ખેર નહિ

સુરત

રાજયમાં સુરત શહેરે આજથી નવી પાર્કિંગ પોલિસી લાગુ કરી છે. જે મુજબ એક મહિનો ફ્રી અને ત્યારબાદ ચાર્જ લાગશે. ગુજરાતમાં પહેલી વખત સુરત મહાનગર પાલિકાએ પોતાની પાર્કિંગ પોલીસી બનાવી છે. ગત વર્ષે સરકાર પાસેથી મંજૂરી મળી જતા તેને લાગુ કરવા માટે મનપાએ તૈયારીઓ શરુ કરી હતી. કયા રસ્તા ઉપર પાર્કિંગ કરવું અને ક્યાં ન કરવું, ઉપરાંત કેટલો ચાર્જ વસુલ કરવો આ તમામ બાબતોની ચર્ચા વિચારણા કરી આખરે આજથી પાર્કિંગ પોલિસી લાગુ કાવામાં આવી છે. પ્રથમ તબક્કામાં ૧૫ રસ્તાઓ નક્કી કરવામાં આવ્યા છે, જ્યાં પાર્કિંગ કરવાનું રહેશે, જો અહીંના બદલે અન્ય કોઈ જગ્યા પર પાર્કિંગ કરવામાં આવશે, તો પાલિકા અને પોલીસ કાર્યવાહી કરશે.

અત્રે જણાવવાનું કે લોકો પાર્કિંગ પોલિસી માટે તૈયાર થયા તેને પગલે એક મહિનો વાહનોને ફ્રી પાર્કિંગ કરવા દેવામાં આવશે. સુરત શહેરમાં વધતી જતી વસ્તી અને વાહનો સાથે ટ્રાફિકની સમસ્યાનો શહેરમાં ઉકેલ લાવવા લોકોમાં પાર્કિંગ સેન્સ કેળવવા સુરત મહાનગર પાલિકાએ પાર્કિંગ પોલિસી અને પાર્કિંગ બાઇલોઝ તૈયાર કરીને ગત વર્ષે ૧૦ ઓક્ટોબરના રોજ સરકારમાં રજૂ કરી હતી જેને મંજૂરી મળી છે.

રસ્તા પર આડેધડ પાર્કિંગથી સર્જાતી ટ્રાફિક સમસ્યા હળવી કરવાનો પાલિકાનો દાવો છે. મહત્વનું છે કે પાર્કિંગ પોલિસી અને બાયલોઝને સરકારે મંજુરી આપી દીધી છે ત્યારે મનપાના સાત ઝોનના કુલ વિસ્તારોમાં ૨-૨ રસ્તાઓ મળી કુલ ૧૫ રસ્તાઓ ઉપર પ્રાયોગિક ધોરણે અમલીકરણ શરૂ કરવામાં આવ્યો છે. ઝોનમાં નોડલ ઓફિસર, ટ્રાફિક એન્ફોર્સમેન્ટ ઓફિસર તથા માર્શલોની ટીમ ઓન સ્ટ્રીટ પાર્કિંગની વ્યવસ્થા કરાવશે. નો પાર્કિંગમાં વાહનો પાર્ક ન કરવા તથા પાર્કિંગ માટે નિયત જગ્યામાં એટલે કે ૧૫ જાહેર કરાયેલા પ્રિમિયમ રસ્તાઓ પર સફેદ પટ્ટામાં કતાર બંધ તથા નીશાની કરવામાં આવેલી જગ્યામાં પાર્કિંગ કરવા માર્ગદર્શન આપવામાં આવશે.

ઉનાથી ૪૧ કિલોમીટર દૂર સાઉથ વેસ્ટમાં ભૂકંપનુ કેન્દ્રબિંદુ નોંધાયું

ગીર સોમનાથમાં ૩.૫ની તીવ્રતાનો ભૂકંપ આવતા લોકોમાં ફફડાટ ફેલાયો

ગીર-સોમનાથ

ગીર સોમનાથમાં ૩.૫ની તીવ્રતાનો ભૂકંપનો ઝાટકો અનુભવાયો હતો. બપોરે ૧૨.૨૩ મિનિટે તાલાલા-વેરાવળ વિસ્તારમાં ભૂકંપના આંચકો અનુભવાયો. ઉનાથી ૪૧ કિલોમીટર દૂર સાઉથ વેસ્ટમાં ભૂકંપનુ કેન્દ્રબિંદુ નોંધાયું.

ભૂકંપનો સિલસિલો છેલ્લા કેટલાય સમયગાળાથી ચાલ્યો આવે છે ત્યારે આજરોજ સૌરાષ્ટ્રના ગીર-સોમનાથમાં ૩.૫ની તીવ્રતાના આંચકાએ સ્થાનિકોના જીવ પડીકે બાંધ્યા હતા.

બપોરના ૧૨.૨૩ કલાકે તાલાલા અને વેરાવળમાં આંચકો આવતા નગરજનોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ ઉનાથી ૪૧ કિલોમીટર દૂર સાઉથ વેસ્ટમાં નોંધાયું હતું. બપોરે ૧૨.૨૩ મિનીટે આવેલા ૩.૫ની તીવ્રતાના ભૂકંપને પગલે કોઈજાનહાનિ થઈ હોવાના સમાચારો પ્રાપ્ત થયાં નથી.

ગોંડલ અને વલસાડ જિલ્લામાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. મોટા ઉમવાળાની ધરા ધ્રુજી છે. મોટા ઉમવાળા નજીક ૩ની તીવ્રતાનો આંચકો અનુભવાયો છે. ભૂકંપનું કેન્દ્ર બિંદુ ગોંડલથી ૧.૮ કિમી દૂર છે.

ભૂકંપના આંચકા આવતા લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. ગોંડલમાં બપોરના સમયે ૧૨.૩૦ આસપાસ આંચકા અનુભવાયા હતા. જો કે, ભૂકંપની તીવ્રતા સામાન્ય હોવાથી કોઈ પ્રકારની જાનહાની થવા પામી નથી.

બેચરાજીમાં સુઝુકી સ્ટેટ ઓફ ધ આર્ટ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યુટ, હોન્ડા ગુજરાતની ૨૦ ITI અપગ્રેડ કરશે

ગાંધીનગર

આઈટીઆઈના અપગ્રેડેશન માટે મારૂતિ સુઝુકી સાથે એમઓયુ કરવામાં આવ્યા છે. જેના ભાગરૂપે મહેસાણાનાં બેચરાજી ખાતે સ્ટેટ ઓફ ધ આર્ટ આઈટીઆઈનો પ્રારંભ કરવામાં આવશે. હોન્ડા કંપની દ્વારા રૂા. ૧.૬૪ કરોડનાં ખર્ચે ગુજરાતની ૨૦ આઈટીઆઈને ટેક્નોલોજીકલી અપગ્રેડ કરવામાં આવશે.

વાઈબ્રન્ટ સમિટનાં ત્રીજા દિવસે વિવિધ તજજ્ઞો દ્વારા દેશનાં યુવાનોનાં સ્કિલ ડેવલેપમેન્ટ કરવા ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. રાજય સરકાર યુવાનોને ઉદ્યોગની જરૂરીયાત મુજબની તાલીમ આપવા માટે આઈટીઆઈને અપગ્રેડ કરી રહી છે. ઓટોમોબાઈલ જાયન્ટ મારૂતિ સુઝુકી દ્વારા બેચરાજીમાં અત્યાધુનિક આઈટીઆઈનો પ્રારંભ કરવા માટે રાજય સરકારનાં રોજગાર અને તાલીમ વિભાગ વચ્ચે સમજૂતી કરાર કર્યા હતા. બેચરાજી ખાતેની આઈટીઆઈમાં એડવાન્સ્ડ ટેક્નોલોજી તથા ઈક્વિપમેન્ટ્સ સાથે યુવાનો માટે ખાસ કોર્સિસ શરૂ કરવામાં આવશે. ઉદ્યોગોમાં સમયની સાથે ટેક્નોલોજીમાં ફેરફાર આવે છે, તેથી ઉદ્યોગોમાં વિશેષ સ્કિલ ધરાવતાં યુવાનોની જરૂરીયાત ઉભી થાય છે. આ આઈટીઆઈનો ઉદ્દેશ યુવાનોનું સ્કિલ ડેવલેપમેન્ટ કરવાનો છે. આ તાલીમ મેળવીને ગુજરાતનો યુવાન વૈશ્વિક હરિફાઈને ઝીલવા સક્ષમ બનશે.

રાજયભરમાં ૨૬૩ સરકારી આઈ.ટી.આઈ., ૪૭૫ ગ્રાન્ટ-ઈન-એઈડ ૬ સેલ્ફ ફાયનાન્સ આઈ.ટી.સી., ૩૩૫ કૌશલ્ય વર્ધન કેન્દ્ર કાર્યરત છે. તેમાં યુવાનોને ઉદ્યોગોની જરૂરીયાત મુજબ કોર્ષ ચલાવવામાં આવી રહ્યાં છે. રાજયનાં યુવાનોને લેટેસ્ટ ટેકનોલોજીની તાલીમ આપવા માટે રાજય સરકાર પ્રતિબદ્ધ છે. જાપાનની હોન્ડા કંપની રાજયની ૨૦ આઈટીઆઈ સંસ્થાઓને ટેક્નોલોજીકલી અપગ્રેડ કરશે. તેના સમજૂતી રોજગાર અને તાલીમ વિભાગ દ્વારા કરાયા છે. રાજયમાં ત્રણ વર્ષમાં એક પછી એક તમામ આઈટીઆઈનું અપગ્રેડેશન કરાશે. જેના માટે અંદાજિત રૂા. ૧.૬૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

આ ઉપરાંત, હોન્ડા કંપની દ્વારા ટ્રેઈન ધ ટ્રેનર પ્રોગ્રામ અંતર્ગત આઈટીઆઈમાં તાલીમ આપનાર પ્રશિક્ષકોને પણ તાલીમ આપશે.

ત્રણ દિવસ પહેલા થયા છૂટાછેડા,ભરુચની યુવતીએ અમદાવાદમાં આપઘાત કર્યો

અમદાવાદ

અમદાવાદનાં ખાનપુરનાં વોક વે પરથી એક ૨૨ વર્ષની યુવતીએ નદીમાં ઝંપલાવીને આપઘાત કરી લેતા ચકચાર મચી ગયો છે.

અમદાવાદનાં ખાનપુરનાં વોક વે પરથી એક ૨૨ વર્ષની યુવતીએ નદીમાં ઝંપલાવીને આપઘાત કરી લેતા ચકચાર મચી ગયો છે. મૃતક પારૂલ ભરૂચની રહેવાસી હતી. આ મામલે રિવરફ્રન્ટ પોલીસે તપાસ હાથ ધરી છે.

આ મામલે મળતી માહિતી પ્રમાણે શહેરનાં ખાનપુર ખાતે આવેલા વોક વે પરથી પારૂલ હસમુખભાઇ પટેલે નદીમાં ઝંપલાવ્યું છે. આ મૃતક યુવતી ભરૂચનાં બલોટા ગામની વતની છે. આજે જ તેનો જન્મદિવસ પણ હતો. આ યુવતીનાં ૧૭મી જાન્યુઆરીનાં રોજ છૂટાછેડા થયા હતાં. ચર્ચા ચાલી રહી છે કે તેના કારણે જ યુવતીએ આ અંતિમ પગલું ભર્યું હતું. આ મામલામાં હજી આપઘાત કરવાનું કારણ સામે આવ્યું નથી. હાલ તેની પાસેથી કોઇ સ્યુસાઇડ નોટ પણ મળી નથી.

રિવરફ્રન્ટ પોલીસ હાલ યુવતીનાં પરિવાર જનોની પૂછપરછ કરી રહી છે. આપઘાત સ્થળની આસપાસનાં સીસીટીવી ફુટેજ જોવાની પણ તજવીજ હાથ ધરવામાં આવી છે.

ગુજરાત ટેક્ષટાઈલ ક્ષેત્રે રોજગારી આપવામાં હંમેશાથી અગ્રેસર રહ્યું છે

ટેક્સસ્ટાઈલ ક્ષેત્રે ગુજરાત ફરી વખત ભારતનું માંચેસ્ટર બનશેઃ વિજય રુપાણી

ગાંધીનગર

વાયબ્રન્ટ ગ્લોબલ સમિટ ૨૦૧૯ના ત્રીજા દિવસે મહાત્મા મંદિર ખાતે ટેક્ષટાઈલ કોકલેવ અંતર્ગત આયોજિત એક્સપ્લોરિંગ ગ્રોથ પોન્ટેશિયલ ઈન ટેક્ષટાઈલ ફોર બિલ્ડીંગ ન્યુ ઈન્ડિયા વિષયક સેમિનાર યોજાયો હતો. આ પ્રસંગે વિજય રૂપાણીએ કહ્યું કે, ટેક્સસ્ટાઈલ ક્ષેત્રે ગુજરાત ફરી વખત ભારતનું માંચેસ્ટર બનશે.

મુખ્ય મંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું કે, ટેક્ષટાઈલ ક્ષેત્ર રોજગારી આપવામાં હંમેશાથી અગ્રેસર રહ્યું છે. ટેક્ષટાઈલ ઉદ્યોગ સાથે ગુજરાત વર્ષોથી સંકળાયેલું છે, ગુજરાત ટેક્ષટાઈલનું હબ છે. ટેક્ષટાઈલ ક્ષેત્રે, એપરલ ઈન્ડસ્ટ્રીઝમાં વધુને વધુ લોકોને રોજગારી મળતી થાય તે માટે રાજ્ય સરકારે સમગ્ર દેશમાં પ્રથમ એવી ટેક્ષટાઈલ પોલીસી ઘડીને અન્ય રાજ્યોને ઉદાહરણ પુરૂ પાડયું છે. ટેક્ષટાઈલ ક્ષેત્રને પ્રોત્સાહન મળે તે માટે ટેક્ષટાઈલ યુનિટ શરૂ કરવા માટે લેવામાં આવતી લોન ઉપર રાજ્ય સરકાર દ્વારા છ ટકા સુધીની વ્યાજમાં સબસીડી આપવાનો નિર્ણય કર્યો છે."

પાવરલૂમ યુનીટોને રાહત મળે તે માટે વીવીંગ માટે રૂા. ત્રણ અને અન્ય પ્રોસેસ માટે રૂા. બે ની વીજ બીલમાં પ્રતિ યુનીટ છૂટછાટ જાહેર કરતા મુખ્ય મંત્રીએ જણાવ્યું કે, રાજય સરકાર વિવાદ નહીં સંવાદનો અભિગમ ધરાવે છે. ટેક્ષટાઈલ ઉદ્યોગના અગ્રણીઓ સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ જ તેને અંતિમ કરવામાં આવી છે. ૧૮૬૧માં ગુજરાતમાં સૌ પ્રથમ શરૂ થયેલી કાપડની મીલથી તેમા ક્રમશઃ વિકાસ થયો છે. સમય સાથે આધુનિકતા અપનાવી ટેક્ષટાઈલ ક્ષેત્રે ગુજરાતે ઓળખ બનાવી છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, વાયબ્રન્ટ સમિટને કારણે જ હવે વિદેશીઓ ગુજરાતમાં રોકાણ કરવા ઉત્સુક બન્યા છે. ગુજરાતે પોતાની પ્રતિષ્ઠા જાળવી રાખી છે. મહિલાઓને રોજગારી આપવામાં ટેક્ષટાઈલ-એપરલ ઈન્ડસ્ટ્રીઝ અગ્રેસર હોવાથી ટેક્ષટાઈલ પોલીસી હેઠળ મહિલાઓને રોજગારી આપનાર એકમો પૈકી મહિલાને રૂા.૪૦૦૦ અને પુરૂષોને રૂા.૩૨૦૦ વધારાનો પગાર રાજ્ય સરકાર દ્વારા ચૂકવવાનો નિર્ણય કરીને સમગ્ર દેશમાં ગુજરાતે પહેલ કરી છે.

મોદીના ૧૮ વર્ષના રાજ પછી પણ ગુજરાતમાં મહિલાઓ શૌચાલયના અભાવે કુપોષિત

ગાંધીનગર

જાહેરમાં શૌચમુક્ત ગુજરાતની વાતો માત્ર કાગળ પર જ છે. મોદીના ૧૩ વર્ષના ગુજરાત શાસન અને ૪.૫ વર્ષમાં કેન્દ્રમાં શાસન પછી પણ ગુજરાત જાહેરમાં શૌચમુક્ત થયું નથી. જેનું તાજેતરમાં વધુ એક ઉદાહરણ સામે આવ્યું છે. એક સેમિનારમાં ગુજરાતના આરોગ્ય કમિશનર જયંતી રવિએ કહ્યું કે, 'ગુજરાતની મહિલાઓને જાહેરમાં શૌચ કરવા જવું પડતું હોવાથી સાંજના ૬ વાગ્યા બાદ કશું ખાતી પીતી ન હોવાથી કુપોષણનો શિકાર બને છે.

રવિએ કહ્યું જ્યારે તેઓ સ્વચ્છતા મિશન પર કામ કરી રહ્યા હતા. ત્યારે શૌચાલય બનાવવા માટે જાગૃતી લાવવા અમે જ્યારે ગામડાઓની મુલાકાતે ગયા હતા ત્યારે મહિલાઓ અને છોકરીઓ કુપોષિત જણાઈ હતી. આ વિશે તેમની સાથે વાત કરતાં ખબર પડી કે જાહેરમાં શૌચ માટે જવું ન પડે તે માટે મહિલાઓ અને યુવતીઓ સાંજે ૬ વાગ્યા પછી સવારે ૬ વાગ્યા સુધી કશું ખાતી નથી. તેથી તેઓ કુપોષણનો શિકાર બને છે.

એલોપેથી દવા આપી આરોગ્ય સાથે ચેડા કરતો ૧૦ પાસ બોગસ તબીબ ઝડપાયો

રાજકોટ

શહેરના જંગલેશ્વરમાં ધોરણ-૧૦ પાસ રફિક અઝીઝભાઇ લીંગડિયા નામના શખ્સે નકલી ડીગ્રીને આધારે દવાખાનું ખોલ્યું હતું. લોકોને એલોપેથી દવા આપવા ઉપરાંત ઈન્જેકશન આપી બાટલા પણ ચડાવી આરોગ્ય સાથે ગંભીર ચેડા કરતો હોવાની બાતમી ભકિતનગર પોલીસને મળતાં આ નકલી ડોક્ટરને ઝડપી લઇ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. દવાખાનામાંથી એલોપેથી દવાઓ, ઈન્જેકશન, બાટલા સહિતનો સામાન કબ્જે કર્યો હતો. પુછપરછ રફિકે કબુલ્યું હતું કે પોતાને કિડનીની બિમારી હોય કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે અમદાવાદ ગયો હતો. ત્યાંથી આવ્યા બાદ છેલ્લા પાંચેક મહિનાથી જંગલેશ્વરમાં બોગસ ડીગ્રીને આધારે દવાખાનુ ચાલુ કરી દીધુ હતું. શાપર વેરાવળ ખાતે પૂજા ક્લિનિક નામથી દવાખાનું ચલાવતા પંકજભાઈ દાસ નામના નકલી તબીબની પોલીસે શુક્રવારે ધરપકડ કરી હતી.

કરોડો રૂપિયાના બીટકોઈન તોડ મામલોઃ પૂર્વ ધારાસભ્ય નલિન કોટડીયાના જામીન મંજૂર

ગાંધીનગર

કરોડો રૂપિયાના બીટકોઈન તોડના ચર્ચાસ્પદ મામલામાં સંડોવાયેલા ધારીના પૂર્વ ધારાસભ્ય નલિન કોટડીયાને કોર્ટ તરફથી થોડી રાહત મળી છે. કોર્ટે નલિન કોટડીયાના જામીન મંજૂર કર્યા છે. એટલે કે થોડા સમય માટે જેલમાંથી મુક્તિ મળશે. પ્રાપ્ત માહિતી અનુસાર, ધારીના પૂર્વ ધારાસભ્ય નલિન કોટડીયા હાલમાં કરોડો રૂપિયાના બીટકોઈન તોડ મામલે જેલમાં હતા, આ સમયે તેમણે બીમાર માતાની સારવાર માટે કોર્ટમાં જામીન માટે અરજી કરી હતી. જેને લઈ આજે સેશન્સ કોર્ટમાં સુનાવણી થઈ હતી, જેમાં કોર્ટે નલિન કોટડીયાના વચગાળાના જામીન મંજૂર કર્યા છે. કોર્ટની સુનાવણી બાદ હવે પોલીસ જરૂરી કાર્યવાહી કરી નલિન કોટડીયાને જેલ મુક્ત કરશે. બીમાર માતાની સારવાર માટે કોર્ટે વચગાળાના જામીન મંજૂર કર્યા છે.

શનિવારે કેવડિયા ખાતે પોલીસ સાથે થયેલા ઘર્ષણમાં ઈજા પામેલ પીએસઆઈ એ અગિયાર વિરુદ્ધ ફરિયાદ આપી



આગેવાનોએ અસરગ્રસ્તો સાથે મીટીંગ યોજી કાવતરૂ ઘડી પોલીસ માણસો ઉપર હુમલો કરવા માટે ગે.કા મંડી બનાવી હુમલો કર્યો ફરિયાદ

રાજપીપળા : શનિવારે કેવડીયા ખાતે ખાતમુહતના કાર્યક્રમ સમયે વિરોધ કરતા લોકો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયા બાદ પથ્થરમારો થયો હતો જેમાં એક પીએસઆઈ સહીત અન્ય એક પોલીસ જવાનને ઈજા થઈ હતી પથ્થરમારામાં ઈજા પામેલા પીએસ આઈ એ આ બાબતે રાજપીપળા પોલીસમાં ફરિયાદ આપી જેમાં ટોળામાં પથ્થરમારો કરતા અમુક લોકો પૈકી (૧) લખન મુસાફીર (૨) રણજીતભાઈ દિનેશભાઈ તડવી (૩) નરેશભાઈ ઉર્ફે વિક્રમભાઈ સાકળભાઈ તડવી (૪) જેસંગભાઈ રણછોદભાઈ તડવી (૫) પ્રફુલભાઈ દેવજીભાઈ વસાવા (૬) અજીતભાઈ સોમાભાઈ તડવી (૭) દિનેશભાઈ જેસંગભાઈ તડવી (૮) અરવિંદભાઈ તડવી (૯) શકુંતલબેન તડવી (૧૦)રેવાબેન તડવી (૧૧) સરોજબેન તડવી તમામ રહે.કેવડીયા /ભૂમલીયા સહિતનાએ કેવડીયા ખાતેના હરિયાણા ભવન ખાતમુહરત કાર્યક્રમમાં વિરોધ પ્રદર્શન કરવા માટે અગાઉથી કેટલાક આગેવાનોએ અસરગ્રસતો સાથે મીટીંગ યોજી કાવતરૂ ઘડી પોલીસ માણસો ઉપર હુમલો કરવા માટે ગે.કા મંડળી બનાવી સંપ કરી સૂત્રોચ્ચાર કરી પોલીસ માણસો ઉપર પથ્થરમારો કરી પીએસઆઈ હિમ્મત ભરવાડ તેમજ અન્ય પોલીસ માણસોને ઈજાઓ કરી ગુનો કર્યો બાબતની ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી હતી તપાસ ડી બી શુક્લ સી પી આઈ કેવડિયા કરી રહ્યા છે.

કેવડીયા ખાતે આદિવાસીઓ ઉપર કરવામાં આવતા લાઠીચાર્જ પર કોગ્રેસ કેમ ચુપ,ભાજપા-કોગ્રેસ બંને એક સિક્કાની બે બાજુઓ તો નથી ને:વિપુલ ભુરિયા



સ્ટેચ્યુ ઓફ યુનિટીના નામે નર્મદા જીલ્લાના હજારો આદિવાસી પરિવારોની સરકારે જમીનો પડાવી લીધી.સરકારે જાહેરાત કરેલુ વળતર આજસુધી આપવામાં આવ્યું નથી.સાથેજ આદિવાસીઓની જમીન પડાવવાનુ સરકાર દ્વારા દબાણ દરરોજ વધારે ને વધારે થય રહ્યુ છે.આદિવાસી સમાજને પાયમાલ કરી નાંખવા માંગી રહી હોય તેમ સ્પષ્ટ જોવાય રહ્યુ છે.જ્યારે ગ્રામ સભા દ્વારા ઠરાવ કરીને જમીન આપવાનો ઈન્કાર કરવામાં આવ્યો હોવા સત્તા સરકાર ગ્રામ સભાના ઠરાવોને માન્યા વગર પોતાની મનમાની કરી રહી હોય તેમ સ્પષ્ટ જોવાય રહ્યુ છે.જ્યારે રાફેલ મુદ્દે કુદાકુદ કરતી કોગ્રેસ કેવડીયા ખાતે પોલીસ તંત્રા દ્વારા કરવામાં આવેલા લાઠીચાર્જ ઉપર કેમ ચુપ છે.આમ જોતા ખરેખર ભાજપા અને કોગ્રેસ બંને એક ચિક્કાની બે બાજુઓ હોય તેમ સ્પષ્ટ જોવાય રહ્યુ છે.સત્તા માટે રાફેલ પર મુદ્દો ગરમાતો હોય તો કેવડીયા પર થતા લાઠીચાર્જ પર કેમ નહી.નેશનલ એક્સપ્રેસ વે ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર ના નામે જમીનો પડાવવામાં આવી રહી એના પર કેમ નહી.કેવડીયા ભારતીય સંવિધાનની અનુસૂચિપ મા આવેલો વિસ્તાર છે.જોતા સ્પષ્ટ જોવાય રહ્યુ છે કે ભાજપા હોય કોગ્રેસ યા કોઈપણ હોય તમામ આજે સંવિધાનથી નહી પણ પોતાના પાવરનો ઉપયોગ કરી ને આદિવાસીઓની જમીન પડાવી રહ્યા છે.

વિદેશી દારૂના ૧૮૦ મીલીના પાઉચ તથા એક મો.સાયકલ મળી કુલ રૂ. ૩,૪૨,૨૦૦/- નો મુદ્દામાલ પકડી ગણનાપાત્ર પ્રોહીબીશનનો કેશ શોધી કાઢતી નબીપુર પોલીસ



ભરૂચ જીલ્લાના પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાનાઓએ જીલ્લામાં પ્રોહીબીશનની બદી નાબુદ કરવા આપેલ સુચના તથા નાયબ પોલીસ અધિક્ષક સા. ડી.પી.વાઘેલા નાઓના માર્ગદર્શન મુજબ નબીપુર પો.સટે,ના ૧/૮ પોલીસ સબ ઈન્સપેકટર એસ.એન.દેસાઇ તથા નબીપુર પો.સ્ટે.ના માણસો નબીપુર પો.સ્ટે. વિસ્તારમાં પ્રોહી રેડમાં હાજર હતા તે દરમ્યાન પો.સબ.ઈન્સ. જે.જે.પટેલને મળેલ બાતમી આધારે ઝનોર ગામની સીમમાં આવેલ શનાભાઈ કેસુરભાઈ વસાવાના તુવેરના ખેતરમાં પ્રોહી રેડ કરતા પરપ્રાતીય અને પ્રતિબંધીત ભારતીય બનાવટનો "એઇટ પી.એમ.× ના ઈગ્લીશ દારૂના ૧૮૦ મીલી. ના પાઉચના શીલબંધ બોક્ષ નંગ ૬૪ જેમા ભરેલ કુલ પાઉચ નંગ ૩૦૭૨/- જેની કુલ કિ.રૂ. ૩,૦૩,૨૦૦/-મળી આવેલ તથા આરોપી સંજયભાઈ અરવિંદભાઈ વસાવા નાનો એક મેસ્ટ્રો મો.સાયકલ રજી.નં. જીજે-૧૬-બી.એફ.- ૧૯૩૦ ની સાથે પકડી આઆરોપીને મળી આવેલ દારૂના જથ્થા બાબતે પુછપરછ કરતા ઝનોર ગામનો વિજયભાઈ શનાભાઈ વસાવા એ આ દારૂનો જથ્થો વેચાણ કરવા રાખેલ હોવાનુ જણાવતા આ બન્ને આરોપીઓ વિરૂધ્ધ નબીપુર પો.સટે.માં કાયદેસર થવા ફરિયાદ દાખલ કરાવેલ છે. જે કેશની આગળની વધુ તપાસ ઈન્ચાર્જ પો.સબ. ઈન્સ. એસ.એન, દેસાઇ નાઓ કરી રહ્યા છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી એ આધુનિક ભારતના નિર્માણ માટેની સરદાર પટેલની દ્રષ્ટિ, હિંમત, ક્ષમતા અને યોગદાનનું અનુસ્મારક છે : વેંકૈયા નાયડુ

ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લઈ ખુશી વ્યક્ત કરી



રાજપીપળા : ભારતના ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુએ રવિવારે તેમની ગુજરાતની મુલાકાત દરમિયાન નર્મદા જિલ્લાના કેવડીયા કોલોની ખાતે સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબની વિશ્વની સૌથી ઉંચી ૧૮૨ મીટરની પ્રતિમા સ્થળ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લઈ અતિ વિરાટ સરદાર સાહેબની પ્રતિમાના ચરણોમાં પુષ્પાંર્પણ કરી ભાવવંદના કરી હતી.

ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ આજે સવારે કેવડીયા કોલોનીમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસર નજીકના હેલીપેડ ખાતે આવી પહોંચતા જિલ્લા કલેક્ટર આર.એસ. નિનામા, રેન્જ આઈજી અભય ચૂડાસમા, ઈન્ચાર્જ જિલ્લા પોલીસ અધિક્ષક અચલ ત્યાગી સહિતના મહાનુભાવોએ ઉપરાષ્ટ્રપતિનું ઉષ્માભર્યુ સ્વાગત કર્યું હતું. ગુજરાતના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા પણ હેલીકોપ્ટરમાં ઉપરાષ્ટ્રપતિની સાથે આ પ્રવાસમાં આવી પહોંચ્યા હતાં.

સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ આવી પહોંચતા જિલ્લા પોલીસ દ્વારા ગાર્ડ ઓફ ઓનર અપાયું હતું. ત્યારબાદ ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુએ સ્ટેચ્યુ ઓફ યુનિટીના મ્યુઝીયમની મુલાકાત લીધી હતી. મ્યુઝીયમમાં સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબના જીવન કવન અંગેનું તસ્વીરી પ્રદર્શન પણ રસપૂર્વક નિહાળ્યું હતું. ત્યારબાદ સરદાર સાહેબના જીવન ચરિત્ર અંગેની ટૂંકી દસ્તાવેજી ફિલ્મ નિહાળી હતી. તેમણે મ્યુઝીમયના લાઈબ્રેરી સહિતના અન્ય વિભાગોની પણ મુલાકાત લઈ રસપૂર્વક નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે સ્ટેચ્યુ ઓફ યુનિટીના જનરલ મેનેજર સંજય જોશીએ ઉપરાષ્ટ્રપતિને સમગ્ર પ્રદર્શન વિશેની જરૂરી માહિતી પુરી પાડી વાકેફ કર્યા હતાં. તેમણે સ્ટેચ્યુ ઓફ યુનિટીની વ્યુઈંગ ગેલેરી ખાતેથી માતા નર્મદા અને વિંધ્યાચલ અને સાતપુડાની ગિરિમાળાના દર્શન સાથે પ્રાકૃતિક સૌંદર્યનો નજારો માણ્યો હતો અને મા નર્મદાના દર્શનથી પવિત્રતાની અલૌકિક ઉંચાઈએ પહોંચ્યાની અનૂભુતિ પણ કરી હતી. આ પ્રસંગે નર્મદા નિગમના મુખ્ય ઈજનેર પી.સી. વ્યાસ અને સંજય જોશીએ પ્રતિમાના નિર્માણની તકનીકી જરૂરી વિગતો આપી હતી. ત્યારબાદ તેમણે સમગ્ર દેશમાંથી એકત્રિત કરવામાં આવેલી માટીમાંથી નિર્માણ પામેલ વોલ ઓફ યુનિટીની પણ મુલાકાત લીધી હતી.

ઉપરાષ્ટ્રપતિએ પત્રકારો સાથેની મુલાકાતમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની આજની આ મુલાકાતથી તેઓ ખુશી વ્યક્ત કરી પોતાને ધન્ય મહેસુસ કરી રહ્યાં હોવાનું જણાવી ઉમેર્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલની આ ૧૮૨ મીટરની ઉંચી પ્રતિમા એક એકીકૃત ભારત અસ્તિવમાં લાવવા માટેના સરદાર વલ્લભભાઈ પટેલના દ્રષ્ટિકોણ અને સંકલ્પનું સ્મારક છે. તેઓ સરદાર પટેલ સાહેબના બાળપણી ચાહક રહ્યાં છે અને તેઓના અભ્યાસકાળથી જ સરદાર સાહેબને ઈતિહાસમાં ઉચિત સ્થાન મળવું જોઈએ તેવી ભાવના રહેલી હતી અને તેમના મંત્રીપદના કાર્યકાળ ઉપરાંત વિવિધ રાજકીય હોદ્દાઓના કાર્યકાળ દરમિયાન પણ સરદાર સાહેબ માટે કંઈક કરવું જોઈએ તેવી ભાવના સતત ગુંજ્યા કરતી હતી, તેને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશભરમાંથી ખેડૂતો પાસેથી ખેત ઓજારોનું લોખંડ એકત્ર કરીને અહી સરદાર સાહેબની ભવ્ય પ્રતિમાનું સ્મારક સ્વરુપે નિર્માણ કરતાં ઉક્ત ભાવનાને પરિપૂર્ણ કરી છે, જે અવિસ્મરણીય બની રહેશે.

ઉપરાષ્ટ્રપતિએ ઉમેું હતું કે, તે એક મહાન સિદ્ધિ હતી કે આપણા દેશે લાંબા અને સખત સ્વતંત્રતા સંગ્રામ બાદ ઉપનિવેશી શાસકોથી સ્વતંત્રતા મેળવી હતી, જે અંતતઃ ગુજરાતના એક બીજા પનોતા પુત્ર મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધીની આગેવાની હેઠળ સફળ થયો હતો. ખરેખર ગુજરાત માટે એ ગર્વની વાત છે કે ભારતની આઝાદીના શિલ્પી અને આઝાદી બાદ એકીકૃત ભારતના શિલ્પી, બંને આ રાજ્યના સપૂતો છે. જેમ બ્રિટીશ શાસનથી આઝાદી પ્રાપ્ત કરી, એ આપણા દેશના આધુનિક ઈતિહાસમાં એક સિમાચિહ્ન છે, નાયડુએ કહ્યું હતું કે, આ સ્ટેચ્યૂ ઓફ યુનિટી એ આધુનિક ભારતના નિર્માણ માટેની સરદાર પટેલની દ્રષ્ટિ, હિંમત, ક્ષમતા અને યોગદાનનું અનુસ્મારક છે. આપણે બધા જાણીએ છીએ કે સરદાર પટેલ ખેડૂત પરિવારમાંથી આવતા હતા.તેમણે આ સ્ટેચ્યૂ ઓફ યુનિટીના નિર્માણ માટે પ્રધાનમંત્રીની પહેલને બિરદાવી હતી. ઉપરાષ્ટ્રપતિની આ મુલાકાત દરમિયાન નર્મદા નિગમના જોઈન્ટ એમ.ડી. સંદીપકુમાર, જિલ્લા કલેક્ટર આર.એસ. નિનામા, સ્ટેચ્યુ ઓફ યુનિટીનાં મુખ્ય વહિવટદાર અને નર્મદા યોજના પુનર્વસન કમિશનર આઈ.કે. પટેલ, નિગમના ટેકનીકલ ડિરેક્ટર નાદપરા, જનરલ મેનેજર સંજય જોશી, મુખ્ય ઈજનેર પી.સી. વ્યાસ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

સ્ટેચ્યુના રોજિંદા બંદોબસ્તથી થાકેલી પોલીસ નિર્દોષ વ્યક્તિઓ પર જોહુકમી કરે છે...?!



સ્ટેચ્યુ ઓફ યુનિટી પર પોલીસ અધિકારીની દાદાગીરી સામે આવી , સ્થાનિક દૂધ વિતરક સાથે કર્યું ઉદ્ધત વર્તન

રાજપીપળા : કેવડીયા કોલોની ખાતે દેશના ઉપરાષ્ટ્રપતિ વૈંકા નાયડુએ આજે સ્ટેચ્યુની મુલાકાત કરી હતી જેમની આવવાની ઘણો સમય બાકી હતો છતાં પણ પોલીસ દ્વારા બંદોબસ્ત ગોઠવી દીધો હતો. જેમાં સ્થાનિક વેપારીઓ પોતાની રોજીંદી કામગીરી કરતા હતા ત્યારે પોલીસ આવા વીવીઆઈપી બંધોબસ્તમાં કંટાળી લોકો પર દાદાગીરી કરે છે કે તેમને જાણે આમ જનતાની કઈ પડીજ નથી જેમાં કેવડિયાના એક દુધના વેપારી તેના રોજિંદા દૂધના વિતરણનું કામ કરતા હતા ત્યારે સ્ટેચ્યુ નાં ગેટ ૪ સામે આવેલી દુકાને દુધના રૂપિયા લેવા ગયા એ સમયે એક પોલીસ અધિકારીએ ઉદ્ધત વર્તન કરી આ વેપારીની ફેંટ પકડી મારપીટ કરી હોવાનું વેપારી જયંતીભાઈ પરમારે જણાવ્યું હતું તો પોલીસ પ્રજાનો મિત્ર છે આ સૂત્ર આ કિસ્સા બાદ કેટલા અંશે સાચું કહી શકાય એમ પણ આ વેપારી જણાવી રહ્યા છે. વીઆઈપી કે વીવીઆઈપી ના બંદોબસ્તમાં ઉભેલી પોલીસને શું આમ જનતાની કઈ કદર કે ઈજ્જત નથી...? આવો કોઈ હક્ક પોલીસ અધિકારીને નથી કેમકે આ વેપારી એ કોઈ ગુનો કર્યો નથી છતાં પોલીસનો રોફનો શિકાર બન્યા હતા ત્યારે અમુક પોલીસ આધિકારીઓ સ્થાનિક વેપારીઓ જ નહિ પરંતુ બહારથી આવતા પ્રવાસીઓ સાથે પણ આવું ઉદ્ધતાઈ ભર્યું વર્તન કરતા હોય છે તેમને માટે જાણે બળજબરીપૂર્વક ફરજ બજાવતા હોય એવા પોલીસ અધિકારીઓ કે જવાનોને સ્ટેચ્યુ જેવા પ્રવાસન સ્થળથી દુર રાખવા જરૂરી છે. આ બાબતે રોષ વ્યક્ત કરતા આ દૂધ વિતરક જયંતીભાઈ હવે જીલ્લા પોલીસ અધિક્ષકને લેખિત રજૂઆત કરી આવા આધિકારી સામે પગલા ભરવા માંગ કરશે એમ તેમને જણાવ્યું હતું .



